જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૫/૨૦૧૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધીધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૯૮૭/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૨૯ લીટર દેશી દારૂ અને ૦૧ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૮/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૯ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપહરણઃ- સમાચાર યાદી નં.૯૮૯/૧૫

નારણપુરા : રાજુભાઇ લક્ષ્મણભાઇ ભગોરા (રહે,લખુડી તલાવડી, સફલ કન્સ્ટ્રક્શનની સાઇટ પર, નારણપુરા) એ તા.૧૫/૫/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૫/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી કોઇ અજાણી વ્યક્તિ પોતાના ભત્રીજા અનીલ શંકરભાઇ મછાર (ઉ.વ.૭) ને લલચાવી ફોસલાવી, અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

દાણીલીમડા : રમજાની ઇબ્રાહીમભાઇ જાવરાવાલા (રહે, નગ્માનગર, છીપા સોસાયટી, કે.જી.ચક્કી સામે, દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૫/૧૫ બપોરનાં ૪/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી અક્રમભાઇ ઉર્ફે મહંમદસુલતાન ઉર્ફે ટીપુ અસ્મભાઇ સીપાઇ પોતાની પુત્રી રાહેમાબાનુ (ઉ.વ.૧૩) ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પુનડીયા ચલાવે છે.

છેતરપીંડી :- સમાચાર યાદી નં.૯૯૦/૧૫

ખાડીયા : અરવિંદકુમાર દેવદાસભાઇ ચૌહાણ (રહે,હરકિશન ફ્લેટ, આઝાદ સ્વીટની પાછળ, જુના વાડજ) એ તા.૧૫/૫/૧૫ નારોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૧૧/૧૪ થી તા.૨૪/૧૨/૧૪ દરમ્યાન આરોપી જયંતીભાઇ મુળચંદભાઇ ઠક્કર (રહે.સત્યમ ફ્લેટ, મંગલપાંડે હોલની બાજુમાં, ઓઢવ) એ અરવિંદકુમારની ઇન્ડીયન ઓવરસીઝ બેંકમાં જી.પી.ઓ. નાં ખોટા નેશનલ સેવિંગ સર્ટી. બનાવી, તેના ઉપર ખોટા સહિ સિક્કા કરાવી, ખોટા દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી, બેંકમાંથી કુલ રૂપિયા ૨,૨૫,૦૦૦/- લોન મેળવી, બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.પરમાર ચલાવે છે.

ગુજરાત યુનિવર્સીટી : જયદિપભાઇ કાંતીલાલ પટેલ (રહે, અર્જુન એલીગન્સ, ભગીરથ સોસાયટી સામે, એ.ઇ.સી. ચાર રસ્તા પાસે, નારણપુરા) એ તા.૧૫/૫/૧૫ નારોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માર્ચ-૨૦૧૨ થી માર્ચ-૨૦૧૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) તરૂણભાઇ કૈલાશચંદ્ર જૈન (૨) દર્શનાબહેન તરૂણભાઇ જૈન (બંને રહે.ઔરા વિલા ફ્લેટ, હેબતપુર ચાર રસ્તા, થલતેજ) (૩) આશુતોષ કૈલાશચંદ્ર જૈન (રહે.સુર્ય પ્લાઝા, ઉ.એમ.રોડ, સુરત અને (૪)વિનયભાઇ અગ્રવાલ (રહે.સુજાતા ફ્લેટ, શાહીબાગ) નાઓએ ભેગામળી જયદિપભાઇની કંપનીને નાણાકીય સ્ટ્રેસમાંથી બહાર કાઢવા સારૂ, લેખીત નિમણુક કરી, આરોપીઓની કંપનીના તમામ નાણાકીય વ્યવહારો કરવા ઓથોરાઇઝ કરી, જયદિપભાઇને વિશ્વાસમાં લઇ, કંપનીમાંથી કુલ રૂપિયા ૩ કરોડ ૮૩ લાખની સહાય મેળવી, બાદમાં જયદિપભાઇને રોકડ રકમ કે કન્સલ્ટન્સી ચાર્જ પરત નહીં કરી, જયદિપભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એમ.રાજ્યગુરૂ ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૯૧/૧૫</u>

વેજલપુર : વિજયભાઇ બાબુભાઇ વાઘેલા (રહે, અમરાવતી મલ્લીનાથ પી.ટી.કોલેજ રોડ, ચંદ્રનગર, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૫/૧૫ સવારના ૯/૧૫ થી રાતનાં ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન, પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના, ચાંદીનાં સિક્કા અને ચોરસા મળી કુલ રૂપિયા ૮૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૯૯૨/૧૫</u>

સાબરમતી : કમલાબહેન અશોકભાઇ રાઠોડ (રહે, તપોવનની ચાલીના નાકે, સીટી ગોલ્ડ સીનેમા સામે, મોટેરા રોડ) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૫/૧૫ સવારનાં ૯/૧૫ વાગ્યાના સુમારે સાબરમતી હીરાજૈન સોસાયટી, લાયબ્રેરી સામે હરસિધ્ધ એપાર્ટમેન્ટ પાસેથી ચાલતાં પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ નંબર જીજે.૧.૮૪૯૯ (જેના સીરીઝ નંબરની ખબર નથી) ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં) કમલાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી એલ.એસ.ચૌધરી ચલાવે છે.

<u>વાહનચોરી :-</u> <u>સમાચાર યાદી નં.૯૯૩/૧૫</u>

દાણીલીમડા : ઇમરાનભાઇ ઇકબાલભાઇ મંસુરી (રહે : દાંડીયાવાડ, દરીયાપુર) એ તા.૯/૫/૧૫ રાતનાં ૧૦/૩૦ વાગ્યાના સુમારે બેરલ માર્કેટ, સંજયપાર્ક, વિ-૩ સામે સહજાદ ડુપ્લેક્ષ સામેનાં ખુલ્લા પ્લોટમાં પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.સી.ટી.૪૩૩૦ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૦/૫/૧૫ સવારનાં ૬/૪૫ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ઇમરાનભાઇ મંસુરીએ તા.૧૫/૫/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

મોટર સાયકલ ઉપરથી પડી જતાં મૃત્યુ :- સમાચાર યાદી નં.૯૯૪/૧૫

ગાયકવાડ હવેલી : અલ્તમસ અલ્તાફહુસેન શેખ (ઉ.વ.૧૭)(રહે : સવઇજીની ગલી, દેવડીવાલા કંમ્પાઉન્ડ, છીપાવાડ, નાડીયાવાડ, જમાલપુર) તા.૧૨/૫/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે વિકટોરીયા ગાર્ડન, નશાબંધી ઓફીસ સામેથી પોતાના મિત્ર મોઇનુદ્દીન યાસીનભાઇ પીપાડવાલા નાઓની એવીવેટર બાઇક પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન અલ્તમસને ચક્કર આવતાં, રોડ ઉપર પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૫/૧૫ રાતનાં ૧૧/૪૫ વાગે અલ્તમસનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસે તપાસ હે.કો.શ્રી નાથાભાઇ કુલાભાઇ ચલાવે છે.

આત્મહત્યા : સમાચાર યાદી નં.૯૯૫/૧૫

એલીસબ્રીજ : અનોલીબહેન ડો/ઓ મયંકકુમાર શાહ (ઉ.વ.૧૮)(રહે.આશા એપાર્ટમેન્ટ, કિરણપાર્ક પાસે, નવા વાડજ) એ તા.૧૪/૫/૧૫ રાતનાં ૮/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે લક્કડીયાબ્રીજ નીચે, ગુજરી બજાર સામે, રીવરફ્રન્ટ ખાતે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઇ વાલજીભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.